# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) ગુજરાતના એકતાનગરમાં ઐતિહાસિક સમારોહમાં 72-મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત – રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનાં હસ્તે 92 પુરસ્કાર વિજેતાઓનું સન્માન.

2) ફિલ્મ અભિનેતા અનંત નાગ-ને વર્ષ 2024 માટેનો પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર, ફિલ્મ “આર્ટિકલ 370” માટે યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રી અને ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યનને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર અપાયો.

3) નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, ભારતના વિકાસનો આગામી તબક્કો ગુણવત્તા પર આધારિત હોવો જોઈએ.

4) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, ભારતીય ખેડૂતો માટે કૃષિક્ષેત્રમાં ટેક્નોલૉજી, નવિનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવું આવશ્યક.

5) જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા ટીમે ટી-20 ક્રિકેટની ફાઈનલમાં સતત બીજી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો.

***************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GUJ NATIONAL AWARDS- 1

ગુજરાતના એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલા ઐતિહાસિક સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 72-મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યાં. વર્ષ 2024 માટે ફિચર, નૉન-ફિચર અને લેખન શ્રેણીઓમાં સિનેમેટિક શ્રેષ્ઠતાનું સન્માન કરાયું. રાષ્ટ્રપતિશ્રીનાં હસ્તે 92 પુરસ્કાર વિજેતાઓને સન્માનિત કરાયા.

દિગ્ગજ ફિલ્મ અભિનેતા અનંત નાગ-ને પાંચ દાયકાથી વધુ સમય સુધી ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ વર્ષ 2024 માટેનો પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરાયા. ફિચર ફિલ્મ વિભાગમાં રાજકીય થ્રિલર ફિલ્મ “આર્ટિકલ 370”ને શ્રેષ્ઠ ફિચર ફિલ્મ માટે સુવર્ણ કમળ પુરસ્કાર મળ્યો. જ્યારે દિગ્દર્શક રણદીપ હુડાને સ્વાતંત્ર્ય વીર સાવરકર ફિલ્મ માટે શ્રેષ્ઠ નવોદિત દિગ્દર્શકનો પુરસ્કાર અપાયો. તો, રાજકુમાર પેરિયાસામીને તમિળ ફિલ્મ અમરન માટે શ્રેષ્ઠ દિગ્દર્શન ટ્રૉફી મળી. તેલુગુ ફિલ્મ 35 ચિન્ના કથા કાડુને શ્રેષ્ઠ બાળ ફિલ્મનો પુરસ્કાર મળ્યો.

અભિનય શ્રેણીઓમાં ફિલ્મ બ્રહ્મયુગમ- માટે પીઢ અભિનેતા મામૂટી અને ચંદુ ચેમ્પિયન ફિલ્મ માટે કાર્તિક આર્યનને સંયુક્ત રીતે શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર અપાયો. તો, અભિનેત્રી યામી ગૌતમને આર્ટિકલ 370 ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો

પુરસ્કાર અપાયો. જ્યારે સંજય મિશ્રાને ભક્ષક ફિલ્મ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાના પુરસ્કારથી સન્માનિત કરાયા.

## GUJ NATIONAL AWARDS- 2

નૉન ફિચર વિભાગમાં મરાઠી ફિલ્મ ભંગારને શ્રેષ્ઠ નોન ફિચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો. જ્યારે દિગ્દર્શક આનંદ એલ. રાયે તેમના કાર્ય સ્ટેચ્યૂ ઑફ યુનિટી એકતા કા પ્રતીક માટે શ્રેષ્ઠ દિગ્દર્શનનો પુરસ્કાર જીત્યો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અનંત નાગને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત થવા બદલ તેમને અભિનંદન પાઠવ્યાં.

(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)

# SITHARAMAN QUALITY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, ભારતના વિકાસનો આગામી તબક્કો ગુણવત્તા પર આધારિત હોવો જોઈએ. નવી દિલ્હીમાં આજે અખિલ ભારતીય વ્યવસ્થાપન સંઘના 53-મા રાષ્ટ્રીય વ્યવસ્થાપન સંમેલનને સંબોધતાં સુશ્રી સીતારમણે કહ્યું, દરેક કારખાના, બૉર્ડરૂમ, સેવા કેન્દ્ર અને સંશોધન તથા વિકાસ દળે ઉચ્ચ માપદંડ, ઓછી ખામીઓ અને વધુ વિશ્વાસપાત્ર માટે પ્રયાસરત્ રહેવું જોઈએ. તેમણે એ વાત પર પણ ભાર આપ્યો કે, વ્યવસ્થાપન વ્યાવસાયિકો અને મોટા ઉદ્યોગપતિઓએ ગુણવત્તા પ્રત્યે જાગૃતિને એક પરસ્પર શિસ્ત બનાવવી જોઈએ.

સુશ્રી સીતારમણે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, વિશ્વ અર્થતંત્ર એક અનિશ્ચિત કાળમાંથી પસાર થઈ રહ્યું છે. વૈશ્વિક વેપાર અને પૂરવઠા શ્રૃંખલાના માળખામાં પણ સમાંતર પરિવર્તન થઈ રહ્યું છે.

# REV AMIT SHAH ANTF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેફી પદાર્થ વિરોધી કાર્યદળના પ્રમુખોના ત્રીજા રાષ્ટ્રીય સંમેલનનો શુભારંભ કરાવ્યો. બે દિવસના આ સંમેલનનો ઉદ્દેશ કેફી પદાર્થોની સમસ્યાથી ભાવિ પેઢીઓને સુરક્ષા આપવા અંગે વિચાર-વિમર્શ કરવાનો છે. કેફી દ્રવ્ય નિયંત્રણ બ્યૂરો – NCB દ્વારા આયોજિત આ સંમેલનમાં 36 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના કેફી પદાર્થ વિરોધી કાર્યદળના પ્રમુખ ભાગ લઈ રહ્યા છે.

## (VOICECAST: ANKIT KUMAR)

***इस सम्मेलन में 36 राज्यों और केंद्र शासित प्रदेशों के मादक पदार्थ रोधी कार्यबल के प्रमुख भाग ले रहे हैं। सम्मेलन का विषय है: सामूहिक संकल्प साझा दायित्व। सम्मेलन में स्वापक नियंत्रण 2026-2029 के निर्धारित लक्ष्य को प्राप्त करने में कार्यबल की भूमिका पर चर्चा की जाएगी। साथ ही मादक पदार्थों की आपूर्ति, मांग तथा उससे होने वाले नुकसान को कम करने में केंद्र सरकार के उपायों को और मजबूत करने की दिशा में उपयुक्त नीतियां अपनाने पर ध्यान दिया जाएगा। गृह मंत्रालय ने बताया है कि केंद्र सरकार मादक पदार्थों के दुष्प्रभावों से देश के युवाओं को बचाने की दिशा में मिशन मोड में काम कर रही है। मंत्रालय ने कहा है कि प्रधानमंत्री नरेंद्र मोदी ने 2047 तक विकसित भारत का लक्ष्य रखा है और यह नशा मुक्त भारत के निर्माण के बिना पूरा नहीं किया जा सकता। अंकित कुमार, आकाशवाणी समाचार, दिल्ली।***

સંમેલનમાં શ્રી શાહે NCBની નવી વેબસાઈટનો શુભારંભ કરાવ્યો. તેમણે કેફી પદાર્થોના દૂરુપયોગ અંગે જાગૃતિ લાવવા ચાર ટેલિવિઝન વિજ્ઞાપન પણ જાહેર કરી. શ્રી શાહે લખનઉમાં NCBના નવી પ્રાદેશિક કચેરી અને આવાસીય પરિસર તથા દહેરાદૂનમાં નવા પ્રાદેશિક કચેરી પરિસરનું ખાતમુહૂર્ત કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# NITIN GADKARI NFCSF

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, ભારતીય ખેડૂતો માટે કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલૉજી, નવિનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવું આવશ્યક છે. નવી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય સહકારી ખાંડ કારખાના કાર્યક્ષમતા પુરસ્કાર – N.F.C.S.F. સમારોહમાં શ્રી ગડકરીએ કહ્યું, દેશની પ્રગતિ ખેડૂતોની સમૃદ્ધિ પર આધારિત છે. ખાંડ ઉદ્યોગના ભવિષ્યને ઉજ્જવળ ગણાવતા તેમણે આ ઉદ્યોગની આડપેદાશો પર ધ્યાન કેન્દ્રીત કરવા પર ભાર આપ્યો.

# REV SEVA SANKALP ABHIYAN – PLI

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની યાત્રા જનસેવાથી દેશસેવાના સંકલ્પ અને અવિરત્ જનસેવાની ભાવનાથી પ્રેરીત રહી છે. આ સેવા અને સુશાસનના વિચાર સાથે સરકાર વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં કામ કરી રહી છે. આ વિશેષ શ્રૃંખલામાં આજે આપણે વાત કરીશું કે, કઈ રીતે ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના – P.L.I.થી આ વિઝનને અમલમાં મૂકાયું.**

## (VOICE CAST: RITA DAVE)

(..... કર્ણાટક ભારતના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો પૈકીમાંથી એક તરીકે ઉભરી આવ્યું છે. રાજ્ય ઇલેક્ટ્રોનિક્સ, બાયોટેક્નોલૉજી, નવિનીકરણીય ઉર્જા અને ઑટોમોટિવ ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિને પ્રોત્સાહન આપી રહ્યું છે. ઉત્પાદન આધારિત પ્રોત્સાહન - PLI યોજના હેઠળ રાજ્યનું લક્ષ્ય સૅમિ-કન્ડક્ટર સાધનોના ઉત્પાદન અને ઇલેક્ટ્રોનિક્સ ઘટકોમાં મોટા રોકાણ સાથે ભારતની સેમિ-કન્ડક્ટર પાટનગર બનવાનું છે. બીજી તરફ, કાપડ ઉત્પાદનમાં કર્ણાટક તકનીકી અને અદ્યતન વસ્ત્રોના ઉત્પાદન દ્વારા કાપડ ક્ષેત્રમાં તેની નિકાસ ક્ષમતા વધારવાની યોજના બનાવી રહ્યું છે. કર્ણાટક મોટાપાયે ઇલેક્ટ્રોનિક વાહનની બેટરીઓ અને ઇલેક્ટ્રિક વાહનના ભાગોના નિર્માણ સાથે ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદનમાં અગ્રેસર છે. ફાર્માસ્યૂટિકલ સામગ્રીના ઉત્પાદન માટેની PLI યોજના તબીબી સાધનોના ઉત્પાદન વ્યવસાયને પ્રોત્સાહન આપી રહી છે. રાજ્ય સૌર, પવન, ગ્રીન હાઇડ્રોજન અને બાયોમાસ ઊર્જા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે, જ્યાં સૌર ઉત્પાદન અને ટકાઉ ઉર્જા પરિયોજનાઓ માટે PLI યોજના હેઠળ સબસિડી અપાઈ રહી છે.

બેંગલુરુથી તુકારામ ગૌડાના અહેવાલ સાથે પ્રાદેશિક સમાચાર વિભાગથી રિટા દવે.)

# PM CRICKET TEAM GOLD MEDAL

એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા ટીમે ટી-20 ક્રિકેટની ફાઈનલમાં શ્રીલંકાને 147 રનથી હરાવી સતત બીજી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો. 217 રનના લક્ષ્યનો સામનો કરતા શ્રીલંકાની ટીમ 16-મી ઑવરમાં માત્ર ઓગણસિત્તેર રન પર આઉટ થઈ ગઈ. આ પહેલા ભારતે નિર્ધારિત 20 ઑવરમાં ત્રણ વિકેટ ગુમાવી 216 રન કર્યા હતા. ટીમ તરફથી સ્મૃતિ મંધાનાએ ઓગણ્યાએંસી રન બનાવી 11 હજાર રન પૂરા કરવાનો ઇતિહાસ રચ્યો. આ સિદ્ધિ મેળવનારા તેઓ વિશ્વનાં પહેલાં મહિલા ક્રિકેટ ખેલાડી બની ગયાં છે. તેમણે ભારતનાં પૂર્વ સુકાની મિતાલી રાજના 10 હજાર 868 રનના વિક્રમને તોડ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા ક્રિકેટ ટીમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યાં. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, ટીમે દેશનું ગૌરવ વધાર્યું છે. આ વિજય દેશભરના યુવા ક્રિકેટરને પ્રેરણા આપશે.

# UDAN YOJANA MoU

કેન્દ્રશાસિત પ્રદેશો અને 21 રાજ્યોએ આજે નવી દિલ્હીમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય સાથે ઉડે દેશ કા આમ નાગરિક – ઉડાન યોજના અંતર્ગત આગામી તબક્કાના સમજૂતી કરાર – MoU પર હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગે નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડૂએ કહ્યું, ઉડાન યોજનાએ પ્રાદેશિક હવાઈ સંપર્કને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

તેમણે કહ્યું, ઉડાન યોજનાને આગામી 10 વર્ષ માટે આગળ વધાર્યા બાદ સરકારનું લક્ષ્ય દેશમાં 100 નવા વિમાનમથક અને 200 આધુનિક હેલિપેડ બનાવવાનો છે. આગામી તબક્કામાં અંદાજે ચાર કરોડ યાત્રીકોને ઉડાન યોજનાનો લાભ પહોંચાડવાનું લક્ષ્ય રખાયું છે.